# માંડવ પ્રાકૃતિક વન







## નાયબ વન સંરક્ષકશ્રી

### સુરેન્દ્રનગર વન વિભાગ - ક્ષેત્રિય

### સુરેન્દ્રનગર

ગુજરાત ટુરિઝમ, પ્રવાશન વર્ષ - ૨૦૦૬



## માંડવ પ્રાકૃતિકવનનું સૌન્દર્ય

# જૈવિક વિવિધતા



નીલગાય - રોઝ



નાર - વરૂ



દીપડો



ઝરખ

માંડવ પ્રાકૃતિકવન પાનખર કાંટાળા તેમજ ઘાંસીયા વન પૈકીનું વન છે. જેમા મુખ્ય વૃક્ષો ગોરડ, હરમો, ગુગળ, ટીમરૂ, સાદડ, ધાવડો જાંબુ, રાયણ, ખાટીઆમલી, પીલુ, આસીત્રો, વિકળો, ગંગેટી, ચણીબોર, જેવા અનેક ઔષધિય ઉપયોગિતા ધરાવતા નાના મોટા ત્રીસ જાતના વૃક્ષો જોવા મળે છે. સાથે સાથે મુખ્ય ઘાંસમાં શણિયાર લાપડું રાતડ, ઝીઝવો વિગેરે જોવા મળે છે.

આ વિસ્તારમાં નિલગાય, નાર -વરૂ, ઝરખ શિયાળ, સસલા, ચંદનઘો, પાટલાઘો, બે- જાતના શેળા, શેઢાળી, તેમજ દીપડો પણ અવાર નવાર જોવા મળે છે. પક્ષીઓમાં મોર, તેતર, કુંજ, સારસ, સમડી, બાજ, ગીધ, જેવા ૬૦જાતના પક્ષીઓ તેમજ ૧૧૦ જાતના યાયાવર પક્ષીઓ ઓગષ્ટથી જાન્યુઆરીમાં જોવા મળેછે. આ વનમાં કુદરતી ઝરણા તેમજ વનવિભાગ દ્વારા બનાવેલ ચેક ડેમોને કારણે સારા પ્રમાણમાં પાણી સંગ્રહ થાય છે. જેથી પાણી કાંઠાના અને યાયાવર પક્ષીઓ અહીં પ્રજનન માટે રોકાય છે. આ વિસ્તારમાં ઝેરી ,બિન ઝેરી સર્પોની અનેક જાતો જોવા મળે છે. તેમજ વિવિધ જાતનાં કરોળીયાઓ માં જમીનના દરમાં રહેતા કરોળીયા પણ જોવા મળે છે. તેમજ પતંગીયાની અનેક જાતો



જોવા મળે છે.જેમા રાણી કલર, વાદળી આંખ, લાલવાણીયો, અને પારદર્શી વાણીયો મુખ્ય છે. જે એપ્રિલ માસની ગરમીમાં ખાસ જોવા મળેછે. આ વન વિસ્તારમાં કેટલાક ડુંગરની ટોચ પર સમુદ્રી રેતી, છીપલા,પાચીકાના જામેલા થર જોવા મળે છે. તો અહીં કુદરતી રીતે ચોરસ આકારમાં કપાએલા મોટા પથ્થર જોવા મળે છે.





ચોમાસા દરમ્યાન આ વનમાં વિવિધ જાતનાં કિટક જોવા મળે છે. જેમાં સફેદ ટપકા વાળા કાળા અને કેસરી ટાલીયા કિટક મુખ્ય છે.



આવન ચોમાસા અને શિયાળા દરમ્યાન જોવા લાયક છે. ખાસ કરીને પાનખરની શરૂઆતમાં ઘાંસ સુકાવાને કારણે જમીન અને ડુંગરાઓ સોનેરી અને મનોરમ્ય લાગે છે.







શ્રી ઝરિયા મહાદેવ



શ્રી બાંડીયાબેલી દાદા

# ઐતિહાસિક મહત્વ

સૌરાષ્ટ્ર એક સમયે પાતાળ પ્રદેશ તરીકે ઓળખાતો હતો, આ પ્રદેશનો એક ભાગ પાંચાળ પ્રદેશ તરીકે પણ ઓળખાતો હો, અહીં નાગ લોકોનું રાજ હતું,વાસુકી,તક્ષક, શેષનાગ,આ સહુ નાગ સર્પ કુળના અગ્રણીઓ હતા,આજે પણ નાગ દેવના મંદિરા જોવા મળે છે, જેમાં થાનગઢમાં વાસુકી મંદીર,વગડીયા પાસે ચાંદરેલીયાદાદા, અને માંડવ વનમાં બાંડીયાબેલીદાદાનું મંદીર મુખ્ય છે. અહીં આજે પણ નાગ પુજાનું મહત્વ છે.

સોનગઢ-થાન-પાસે પ્રાચિન સુર્યમંદિર અને તરણેતરમાં સોલંકી યુગનું ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદીર આવેલું છે. તેમજ માંડવવન પાસે ઝરિયા મહાદેવનું મંદીર આવેલું છે. આ પ્રાકૃતિક સ્થળે શિવલીંગ પર પથ્થરમાંથી પાણીનો અભિષેક થયા કરે છે, અહીંથી થોડે દુર એક નહેરવાળાપીરની દરગાહ પણ આવેલી છે.



શ્રી જુનું સુર્ય મંદિર



શ્રી ત્રિનેત્રેશ્વર મંદિર